# ૧
# પૂર્વભૂમિકા

## [ ધર્મ, તત્ત્વજ્ઞાન, સંસ્કૃતિ વગેરેની સામાન્ય સમજૂતી ]

### [૧] ધર્મ, તત્ત્વજ્ઞાન અને સંસ્કૃતિ

**જ્ઞાન અને વિદ્યા** એ માત્ર બહુ વાચનથી જ મળી જાય છે એમ નથી. ઓછું કે વધુ વાંચવું એ રુચિ, શક્તિ અને સગવડતાનો સવાલ છે. પણ, ગમે તેટલું ઓછું વાંચવા છતાં, જો વધારે સિદ્ધિ અને લાભ મેળવવો હોય તો, તેની અનિવાર્ય શરત એ છે કે, મનને ખુલ્લું રાખવું અને સત્યજિજ્ઞાસાની સિદ્ધિમાં કોઈ પણ પૂર્વગ્રહોને કે રૂઢ સંસ્કારોને આડે આવવા દેવા નહિ. મારો અનુભવ એમ કહે છે કે આ માટે સૌથી પહેલાં નિર્ભયતાની જરૂર છે. ધર્મનો કાંઈ પણ ખરો અને ઉપયોગી અર્થ થતો હોય તો તે નિર્ભયતા સાથેની સત્યની શોધ છે. તત્ત્વજ્ઞાન એ સત્યશોધનો એક માર્ગ છે, અને ગમે તે વિષયનું અધ્યયન કરતા હોઈએ છતાં ધર્મ અને તત્ત્વજ્ઞાનનો સંબંધ રહેલો જ છે. એ બન્ને વસ્તુઓ કોઈ ચોકામાં બંધાતી નથી. મનનાં બધાં દ્વારો સત્ય માટે ખુલ્લાં હોય અને નિર્ભયતા એની પૃષ્ઠભૂમિમાં હોય તો જે કાંઈ વિચારીએ કે કરીએ તે બધું જ તત્ત્વજ્ઞાન કે ધર્મમાં સમાઈ જાય છે.

જીવનમાંથી મેલ અને નબળાઈ દૂર કરવી અને તેને સ્થાને સર્વાંગીણ સ્વચ્છતા તેમ જ સામંજસ્યપૂર્ણ બળ આણવું, એ જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવનની સાચી સંસ્કૃતિ છે. આ જ વસ્તુ પ્રાચીન કાળથી દરેક દેશ અને જાતિમાં ધર્મને નામે પ્રસિદ્ધ છે. આપણા દેશમાં સંસ્કૃતિની સાધના હજારો વર્ષ પહેલાંથી શરૂ થયેલી અને આજે પણ ચાલે છે. આ સાધના માટે ભારતનું નામ સુવિખ્યાત છે. સાચી સંસ્કૃતિ વિના માનવતા કે રાષ્ટ્રીયતા નથી સરજાતી કે નથી ટકતી. વ્યક્તિની બધી શક્તિઓ, સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓ એકમાત્ર સામાજિક કલ્યાણની દિશામાં યોજાય ત્યારે જ ધર્મ યા સંસ્કૃતિ ચરિતાર્થ થાય છે. ધર્મ, સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનની વિકૃત સમજ દૂર કરવા અને સૈકાઓ-જૂના વહેમોનું મૂલ ઉચ્છેદવા વાસ્તે પણ સંસ્કૃતિની સાચી અને ઊંડી સમજ આવશ્યક છે.

[ દઅચિં૦ ભા૦ ૧, પૃ૦ ૭ ]

## [૨] તત્ત્વજ્ઞાન અને ધર્મનો સંબંધ

તત્ત્વજ્ઞાન એટલે સત્યશોધનના પ્રયત્નમાંથી ફલિત થયેલા અને ફલિત થતા સિદ્ધાંતો. ધર્મ એટલે એવા સિદ્ધાંતોને અનુસરીને જ નિર્માણ થયેલો વૈયક્તિક તેમ જ સામૂહિક જીવનવ્યવહાર. એ ખરું છે કે એક જ વ્યક્તિ કે સમૂહની યોગ્યતા તેમ જ શક્તિ સદા એકસરખી નથી હોતી. તેથી ભૂમિકા અને અધિકારભેદ પ્રમાણે ધર્મમાં અંતર હોવાનું; એટલું જ નહિ, પણ ધર્માચરણ વધારે પુરુષાર્થની અપેક્ષા રાખતું હોવાથી તે, ગતિમાં તત્ત્વજ્ઞાનથી પાછળ પણ રહેવાનું. છતાં જો આ બન્નેની દિશા જ મૂળમાં જુદી હોય તો તત્ત્વજ્ઞાન ગમે તેટલું ઊંડું અને ગમે તેવું સાચું હોય છતાં ધર્મ એના પ્રકાશથી વંચિત જ રહે અને પરિણામે માનવતાનો વિકાસ અટકે. તત્ત્વજ્ઞાનની શુદ્ધિ, વૃદ્ધિ અને પરિપાક જીવનમાં ધર્મને ઉતાર્યા સિવાય સંભવી જ ન શકે. એ જ રીતે તત્ત્વજ્ઞાનના અવલંબન વિનાનો ધર્મ, જડતા તેમ જ વહેમથી મુક્ત થઈ ન શકે. એટલા માટે બન્નેમાં દિશાભેદ હોવો ઘાતક છે.

[ દઅચિં૦ ભા૦ ૧, પૃ૦ ૨૦૨ ]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૩] ધર્મનું બીજ

ધર્મનું બીજ શું છે, અને એનું પ્રારંભિક સ્વરૂપ શું છે?

આપણે સૌ અનુભવ કરીએ છીએ કે આપણામાં જિજીવિષા છે. જિજીવિષા કેવળ મનુષ્ય કે પશુ-પક્ષી સુધી જ મર્યાદિત નથી; એ તો ઝીણામાં ઝીણા કીટ, પતંગ અને બેક્ટેરિયા જેવા જંતુઓમાં પણ છે. જિજીવિષાના ગર્ભમાં જ સુખની જ્ઞાત-અજ્ઞાત અભિલાષા અનિવાર્ય રીતે રહેલી છે. જ્યાં સુખની અભિલાષા છે ત્યાં પ્રતિકૂળ વેદના કે દુઃખથી બચવાની વૃત્તિ જરૂર હોય છે. આ જિજીવિષા, સુખની અભિલાષા અને દુઃખના પ્રતિકારની ઇચ્છામાં જ ધર્મનું બીજ રહેલું છે.

કોઈ નાનું કે મોટું પ્રાણી એકલું પોતામાં જ જીવવા ઇચ્છે તો જીવી ન શકે, અને એવું જીવન વિતાવી પણ ન શકે. એને પોતાના નાના-મોટા સજાતીય જૂથનો આશ્રય લીધા વિના ચેન નથી પડતું. જેવી રીતે એ પોતાના જૂથમાં રહીને એના આશ્રયે સુખનો અનુભવ કરે છે, એવી જ રીતે, વખત આવ્યે, પોતાના જૂથની બીજી વ્યક્તિઓને પોતાથી બનતી મદદ આપીને પણ એ સુખનો અનુભવ કરે છે. કીડી, ભમરા અને ઊધઈ જેવા ક્ષુદ્ર જંતુઓનું વૈજ્ઞાનિક નિરીક્ષણ કરનારાઓએ આવી વસ્તુસ્થિતિનું વિસ્તારથી વર્ણન કર્યું છે. આટલી ઝીણવટમાં નહીં ઊતરનાર સામાન્ય નિરીક્ષકો પણ પક્ષીઓ અને વાંદરા જેવાં પ્રાણીઓ ઉપરથી જોઈ શકે છે કે પોપટ, મેના, કાગડા વગેરે પક્ષીઓ કેવળ પોતાનાં સંતાનો માટે જ નહીં, બલ્કે પોતાની જાતિના જૂથ ઉપરના સંકટને સમયે પણ એનું નિવારણ કરવા માટે કેવા જીવ-સટોસટના પ્રયત્ન કરે છે, અને પોતાના જૂથનો આશ્રય લેવાનું કેવી રીતે પસંદ કરે છે! કોઈ વાંદરાના બચ્ચાને પકડી લઈએ, અને પછી જોઈએ કે કેવળ એની મા જ નહીં પણ એ જૂથનાં નાનાં-મોટાં બધાં વાંદરાં એને બચાવવાનો કેવો પ્રયત્ન કરે છે! એ જ રીતે પકડા-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યેલું બચ્ચું પણ ફક્ત પોતાની મા તરફ જ નહીં પણ બીજાં વાંદરાંઓ તરફ પણ પોતાને બચાવવા માટે કેવું તાકી રહે છે! પશુ-પક્ષીઓમાં રોજનો બની ગયેલો આ બનાવ આમ તો બહુ પરિચિત અને સાવ સામાન્ય જેવો છે, પણ એમાં સૂક્ષ્મ રૂપે એક સત્ય સમાયેલું છે.

એ સત્ય એ છે કે કોઈ પ્રાણીની જિજીવિષા એના જીવનથી અળગી નથી થઈ શકતી; અને જિજીવિષાની તૃપ્તિ ત્યારે જ થાય છે કે જ્યારે પ્રાણી પોતાના નાના-મોટા જૂથમાં રહીને એવી મદદ મેળવે અને એને મદદ કરે. જિજીવિષાની સાથે અનિવાર્ય રીતે સંકળાયેલ આ પોતાની જાતિના જૂથની મદદ લેવાની ભાવનામાં જ ધર્મનું બીજ સમાયેલું છે. સમુદાયમાં રહ્યા વગર તેમ જ એની મદદ લીધા વગર જો જીવનધારી પ્રાણીની જીવવાની ઇચ્છા સંતુષ્ટ થાત તો ધર્મની ઉત્પત્તિનો સંભવ જ ન હતો. આ દૃષ્ટિએ જોતાં, એ વાતમાં જરાય સંદેહ નથી રહેતો કે ધર્મનું બીજ આપણી જિજીવિષામાં છે; અને એ જીવન-વિકાસની પ્રાથમિકમાં પ્રાથમિક સ્થિતિમાં પણ મોજૂદ હોય છે—ભલે પછી એ અજ્ઞાન કે અવ્યક્ત અવસ્થા જ કેમ ન હોય.

હરણ જેવા સુકોમળ સ્વભાવના જ નહીં, બલ્કે જંગલી પાડા અને ગેંડા જેવાં કઠોર સ્વભાવવાળાં પશુઓમાં પણ જોવામાં આવે છે કે એ બધાંય પોતપોતાનાં જૂથ રચીને રહે છે અને જીવે છે. આને આપણે ચાહે આનુવંશિક સંસ્કાર માનીએ કે ચાહે પૂર્વજન્મોપાર્જિત; પણ વિકસિત માનવજાતિમાં પણ આ સામુદાયિક વૃત્તિ અવશ્ય જોવામાં આવે છે. જ્યારે પુરાતન કાળનો માનવી જંગલી અવસ્થામાં હતો ત્યારે, અને જ્યારે આજનો માનવી સભ્ય લેખાય છે ત્યારે પણ, આ સામુદાયિક વૃત્તિ એકસરખી અખંડ જોવામાં આવે છે. હા, એટલો ફેર જરૂર છે કે જીવનવિકાસની અમુક ભૂમિકા સુધી સામુદાયિક વૃત્તિ એટલી એકસરખી નથી હોતી, કે જેટલી વિકસિત બુદ્ધિશાળી ગણાતા માનવીમાં છે. આપણે ભાનવગરની કે અસ્પષ્ટ ભાનવાળી સામુદાયિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૃત્તિને પ્રાવાહિક કે ઔઘિક [પ્રવાહથી ચાલી આવતી કે ઓઘ-સંજ્ઞાથી માની લીધેલી] કહી શકીએ છીએ. પણ એ વૃત્તિ જ ધર્મબીજનો આધાર છે, એમાં જરાય શક નથી. આ ધર્મબીજનું સામાન્ય અને સંક્ષિપ્ત રૂપ એ જ છે કે વ્યક્તિગત તેમ જ સામુદાયિક જીવનને માટે જે અનુકૂળ હોય તે કરવું અને જે પ્રતિકૂળ હોય એને ટાળવું કે એનાથી બચવું.

[દઔચિં૦ ખં૦ ૧, પૃ૦ ૩-૫]

## [૪] ધર્મનું ધ્યેય

ધર્મનું ધ્યેય શું હોવું જોઈએ? કઈ વસ્તુને ધર્મના ધ્યેય તરીકે સિદ્ધાંતમાં, વિચારમાં અને વર્તનમાં સ્થાન આપવાથી ધર્મની સફળતા અને જીવનની વિશેષ પ્રગતિ સાધી શકાય?

આનો જવાબ એ કે દરેકને પોતાના વૈયક્તિક અને સામાજિક કર્તવ્યનું ઠીક ઠીક ભાન, કર્તવ્ય પ્રત્યેની જવાબદારીમાં રસ અને એ રસને મૂર્ત કરી દેખાડવા જેટલા પુરુષાર્થની જાગૃતિ હોવી, એ જ ધર્મનું ધ્યેય મનાવું જોઈએ. જો ઉક્ત તત્ત્વોને ધર્મના ધ્યેય તરીકે સ્વીકારી તેના ઉપર ભાર આપવામાં આવે તો પ્રજાજીવન સમગ્રપણે પલટો ખાય.

[દઅચિં૦ ભા૦ ૧, પૃ૦ ૬૪]

## [૫] ધર્મ : વિશ્વની સંપત્તિ

આધ્યાત્મિક ધર્મ એ કોઈ એક વ્યક્તિના જીવનમાંથી નાના-મોટા સ્રોતરૂપે પ્રગટ થાય છે, અને તે આસપાસના માનવસમાજની ભૂમિકાને પ્લાવિત કરે છે. એ સ્રોતનું બળ કે પ્રમાણ ગમે તેટલું હોય, છતાં તે સામાજિક જીવનની ભૂમિકાને અમુક અંશે જ આર્દ્ર કરે છે. ભૂમિકાની એ અધૂરી ભીનાશમાંથી અનેક કીટાણુ જન્મે છે, અને તે પોતાની આધારભૂત ભૂમિકાને જ ભરખે છે. એવામાં વળી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ બીજી વ્યક્તિમાં ધર્મનો સ્રોત ઉદ્ભવે છે, અને તે પ્રથમના કીટાણુજન્ય સડાને ધોઈ નાખવા મથે છે. આ બીજો સ્રોત પ્રથમના સ્રોત ઉપર બાઝેલી લીલને ધોઈ નાખી જીવનની ભૂમિકામાં વધારે ફલદાયી કાંપ મૂકે છે. વળી એ કાંપના બીજા થર ઉપર લીલ જામે છે, અને ક્યારેક કાલક્રમે ત્રીજી વ્યક્તિમાં પ્રભવેલ ધર્મસ્રોત એનું માર્જન કરી નાખે છે. આવી રીતે માનવજીવનની ભૂમિકા પર ધર્મ-સ્રોતનાં અનેક વહેણો વહેતાં રહે છે, અને એ રીતે ભૂમિકા વિશેષ ને વિશેષ યોગ્ય તેમ જ ફળદ્રુપ બનતી જાય છે.

ધર્મસ્રોતનું પ્રકટીકરણ એ કોઈ એક દેશ કે એક જાતિની પૈતૃક સંપત્તિ નથી; એ તો માનવજાતિરૂપ એક વૃક્ષની જુદી જુદી શાખા પર ઉદ્ભવનાર સુફળ છે. તેનો પ્રભાવ હોય ભલે વિરલ વ્યક્તિમાં, પણ તે દ્વારા સમુદાયમાં અમુક અંશે વિકાસ અવશ્ય થાય છે.

[ દઅચિં૦ ભા૦ ૧, પૃ૦ ૨૮ ]

### [ ૬ ] ધર્મનાં બે સ્વરૂપ : બાહ્ય અને આભ્યંતર

ધર્મનાં બે રૂપો છે : એક તો નજરે ચડે તેવું અને બીજું નજરે ન ચડે પણ માત્ર મનથી સમજી શકાય તેવું. પહેલા રૂપને ધર્મનો દેહ અને બીજા રૂપને તેનો આત્મા કહી શકાય.

દુનિયાના બધા ધર્મોનો ઇતિહાસ કહે છે કે બધા ધર્મોને દેહ જરૂર હોય છે. પહેલાં એ જોઈએ કે એ દેહ શાથી બને છે? દરેક નાના-મોટા ધર્મપંથનું અવલોકન કરીએ તો આટલી બાબતો તો સર્વસાધારણ જેવી છે : શાસ્ત્ર; તેને રચનાર અને સમજાવનાર પંડિત કે ગુરુ; તીર્થ, મંદિર આદિ પવિત્ર લેખાતાં સ્થળો; અમુક જાતની ઉપાસના અગર ખાસ જાતના ક્રિયાકાંડો; એવા ક્રિયાકાંડો અને ઉપાસનાઓને પોષનાર અને તે ઉપર નભનાર એક વર્ગ. સર્વ ધર્મ-પંથની અંદર, એક અથવા બીજે રૂપે, ઉપર જણાવેલી વસ્તુઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મળી આવે છે અને તે જ તે તે ધર્મપંથનો દેહ છે. હવે જોવું રહ્યું કે ધર્મનો આત્મા, એ શું છે? આત્મા એટલે ચેતના કે જીવન. સત્ય, પ્રેમ, નિઃસ્વાર્થપણું, ઉદારતા અને વિવેક-વિનય આદિ સદ્‌ગુણો, તે ધર્મનો આત્મા છે. દેહ ભલે અનેક અને જુદા જુદા હોય, પણ આત્મા સર્વત્ર એક જ હોય છે. એક જ આત્મા અનેક દેહો દ્વારા વ્યક્ત થાય છે; અથવા એમ કહીએ કે એક જ આત્મા અનેક દેહોમાં જીવન પોષે છે, જીવન વહાવે છે.

[ દઅચિં૦ ભા૦ ૧, પૃ૦ ૧૨૨ ]

* * *

ધર્મ એટલે સત્યની તાલાવેલી અને વિવેકી સમભાવ, તેમ જ એ બે તત્ત્વોની દોરવણી નીચે ઘડાતો જીવનવ્યવહાર. આ જ ધર્મ પારમાર્થિક છે. બીજા જે વિધિનિષેધો, ક્રિયાકાંડો, ઉપાસનાના પ્રકારો વગેરે ધર્મની કોટિમાં ગણાય છે, તે બધા જ વ્યાવહારિક ધર્મો છે અને તે ત્યાં લગી અને તેટલે જ અંશે યથાર્થ ધર્મના નામને પાત્ર છે, જ્યાં લગી અને જેટલે અંશે તે ઉક્ત પારમાર્થિક ધર્મ સાથે અભેદ્ય સંબંધ ધરાવતા હોય છે. પારમાર્થિક ધર્મ એ જીવનની મૂલગત તેમ જ અદૃશ્ય વસ્તુ છે. તેનો અનુભવ કે સાક્ષાત્કાર તો ધાર્મિક વ્યક્તિને જ હોય છે, જ્યારે વ્યાવહારિક ધર્મ દૃશ્ય હોઈ પરપ્રત્યેય છે. પારમાર્થિક ધર્મનો સંબંધ ન હોય તો ગમે તેટલા જૂના અને બહુસંમત બધા જ ધર્મો વસ્તુતઃ ધર્માભાસ જ છે.

[ દઅચિં૦ ભા૦ ૧, પૃ૦ ૨૮ ]

* * *

ધર્મનાં બે સ્વરૂપો છે : પહેલું તાત્ત્વિક, જેમાં સામાન્યતઃ કોઈનો મતભેદ નથી તે સદ્‌ગુણાત્મક; બીજું વ્યાવહારિક, જેમાં જાતજાતના મતભેદો અનિવાર્ય છે તે બાહ્યપ્રવૃત્તિરૂપ. જેઓ તાત્ત્વિક અને વ્યાવહારિક ધર્મ વચ્ચેનો ભેદ સ્પષ્ટપણે સમજે છે, જેઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તાત્ત્વિક અને વ્યાવહારિક ધર્મના સંબંધ વિષે વિચારી જાણે છે, ટૂંકમાં તાત્ત્વિક અને વ્યાવહારિક ધર્મના યોગ્ય પૃથક્કરણની તેમ જ બળાબળની ચાવી જેઓને લાધી છે, તેમને વ્યાવહારિક ધર્મના મતભેદો ક્લેશવર્ધક તરીકે સ્પર્શી નથી શકતા. આનો સાર એ નીકળ્યો કે જો ધર્મ વિષેની ખરી સ્પષ્ટ સમજ હોય તો કોઈ પણ મતભેદ ક્લેશ જન્માવી ન શકે; ખરી સમજ હોવી એ એક જ ક્લેશવર્ધક મતભેદના નિવારણનો ઉપાય છે. આ સમજનું તત્ત્વ પ્રયત્નથી મનુષ્યજાતિમાં વિસ્તારી શકાય છે; તેથી એવી સમજ મેળવવી કે કેળવવી એ ઇષ્ટ છે.

શુદ્ધ વૃત્તિ અને શુદ્ધ નિષ્ઠા નિર્વિવાદપણે ધર્મ છે, જ્યારે બાહ્ય વ્યવહારોના ધર્માધર્મપણામાં મતભેદો છે. તેથી બાહ્ય આચારો કે વ્યવહારો, નિયમો કે રીતરિવાજોની ધર્મ્યતા કે અધર્મ્યતાની કસોટી એ તાત્ત્વિક ધર્મ જ હોઈ શકે.

[ દઅચિં૦ ભા૦ ૧, પૃ૦ ૫૨-૫૩ ]

## [૭] ધર્મદૃષ્ટિ અને તેનું ઊર્ધ્વીકરણ

ઊર્ધ્વીકરણનો અર્થ છે શુદ્ધીકરણ તેમ જ વિસ્તારીકરણ. ધર્મદૃષ્ટિ જેમ જેમ શુદ્ધ થાય અને શુદ્ધ કરાય તેમ જ તેનો વિસ્તાર થાય અર્થાત્ માત્ર વ્યક્તિગત ન રહેતાં તેનું જેમ જેમ સામુદાયિક રૂપ નિર્માણ થાય, તેમ તેમ તેનું ઊર્ધ્વીકરણ થાય છે એમ સમજવું જોઈએ. એને જ Sublimation કહેવામાં આવે છે.

જિજીવિષા યા જીવનવૃત્તિ અને ધર્મદૃષ્ટિ એ બન્ને પ્રાણીમાત્રમાં સહભૂ અને સહચારી છે. ધર્મદૃષ્ટિ વિના જીવનવૃત્તિ સંતોષાતી નથી અને જીવનવૃત્તિ હોય તો જ ધર્મદૃષ્ટિનું અસ્તિત્વ સંભવે છે. આમ છતાં મનુષ્ય અને ઇતર જીવજગત વચ્ચેની સ્થિતિ નોખી નોખી છે. પશુ-પક્ષી અને કીડી-ભ્રમર જેવી અનેક પ્રાણીજાતિઓમાં આપણે જોઈએ છીએ કે તે તે પ્રાણી માત્ર પોતાના દૈહિક જીવન અર્થે જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રવૃત્તિ નથી કરતું, પણ તે પોતપોતાના નાના-મોટા જૂથ, દળ કે વર્ગ માટે કાંઈ ને કાંઈ કરે જ છે. આ એની એક રીતે ધર્મવૃત્તિ થઈ. પણ આ ધર્મવૃત્તિના મૂળમાં જાતિગત પરંપરાથી ચાલ્યો આવતો એક રૂઢ સંસ્કાર હોય છે; એની સાથે એમાં સમજણ કે વિવેકનું તત્ત્વ વિકસ્યું નથી હોતું; એની શકયતા પણ નથી હોતી; તેથી એ ધર્મવૃત્તિને ધર્મદૃષ્ટિની કોટિમાં મૂકી ન શકાય.

મનુષ્યપ્રાણી જ એવું છે જેમાં ધર્મદૃષ્ટિનાં બીજો સ્વયંભૂ રીતે પડેલાં છે. એવાં બીજોમાં એની જ્ઞાન અને જિજ્ઞાસાવૃત્તિ, સંકલ્પ-શક્તિ અને સારા-નરસાનો વિવેક કરવાની શક્તિ, તેમ જ ધ્યેયને સિદ્ધ કરવાનો પુરુષાર્થ, આ મુખ્ય છે. મનુષ્ય જેટલું ભૂતકાળનું સ્મરણ અન્ય કોઈ પ્રાણીમાં નથી. એના જેટલો ભૂતકાળનો વારસો સાચવવાની અને આગલી પેઢીઓને એ વારસો વધારા સાથે આપવાની કળા પણ કોઈમાં નથી. તે એકવાર કાંઈ પણ કરવાનો સંકલ્પ કરે તો તે તેને સાધે જ છે, અને પોતાના નિર્ણયોને પણ, ભૂલ જણાતાં, બદલે અને સુધારે છે. એના પુરુષાર્થની તો કોઈ સીમા જ નથી. તે અનેક નવાંનવાં ક્ષેત્રોને ખેડે અને ખેડે છે. મનુષ્યજાતની આ શક્તિ તે જ તેની ધર્મદૃષ્ટિ છે.

પરંતુ મનુષ્યજાતિમાં અત્યારે ધર્મદૃષ્ટિના વિકાસની જે ભૂમિકા જણાય છે તે એકાએક સિદ્ધ થઈ નથી. આનો સાક્ષી ઇતિહાસ છે. એડવર્ડ કેર્ડ નામના વિદ્વાને ધર્મવિકાસની ભૂમિકાઓનો નિર્દેશ ટૂંકમાં આ રીતે કર્યો છે: We look out before we look in, and we look in before we look up. ડૉ. આનંદશંકર ધ્રુવે એનું ગુજરાતી આ રીતે કર્યું છે: "પ્રથમ બહિર્દૃષ્ટિ, પછી અન્તર્દૃષ્ટિ અને છેવટે ઊર્ધ્વદૃષ્ટિ; પ્રથમ ઈશ્વરનું દર્શન બાહ્ય સૃષ્ટિમાં થાય, પછી અન્તરૂઆત્મામાં (કર્તવ્યનું ભાન વગેરેમાં) થાય અને છેવટે ઉભયની એકતામાં થાય." જૈન પરિભાષામાં એને બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્માની અવસ્થા કહી શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનુષ્ય કેવોય શક્તિશાળી કેમ ન હોય, પણ તે સ્થૂલમાંથી અર્થાત્ દ્રવ્યમાંથી સૂક્ષ્મમાં અર્થાત્ ભાવમાં પ્રગતિ કરે છે. ગ્રીસમાં શિલ્પ, સ્થાપત્ય, કાવ્ય, નાટક, તત્ત્વજ્ઞાન, ગણિત આદિ કળાઓ અને વિદ્યાઓનો એક કાળે અદ્ભુત વિકાસ થયેલો. એવે વખતે જ એક વ્યક્તિમાં અકળ રીતે ધર્મદૃષ્ટિ, માણસજાતને આંજી દે એટલા પ્રમાણમાં, વિકસી. એ સોક્રેટિસે કળાઓ અને વિદ્યાઓનું મૂલ્ય જ ધર્મદૃષ્ટિના ગજથી બદલી નાખ્યું અને એની એ ધર્મદૃષ્ટિ આજે તો ચોમેર સત્કારાય છે.

યહોવાહે મૂસાને આદેશ આપ્યો ત્યારે એ માત્ર યહૂદી લોકોના સ્થૂલ ઉદ્ધાર પૂરતો હતો અને બીજી સમકાલીન જાતિઓનો એમાં વિનાશ પણ સૂચવાતો હતો. પરંતુ એ જ જાતિમાં ઈસુ ખ્રિસ્ત પાક્યો અને ધર્મદૃષ્ટિએ જુદું જ રૂપ લીધું. ઈસુએ ધર્મની બધી જ આજ્ઞાઓને અંદર અને બહારથી શોધી તેમ જ દેશ-કાળના ભેદ વિના સર્વત્ર લાગુ કરી શકવા જેવી ઉદાત્ત બનાવી. આ બધા પહેલાં પણ ઈરાનમાં જરથુસ્ત્રે નવું દર્શન આપેલું, જે અવેસ્તામાં જીવિત છે. અંદરોઅંદર લડી મરતા અને જાતજાતના વહેમના ભોગ થયેલા આરબ કબીલાઓને સાંધવાની અને કાંઈક વહેમમુક્ત કરવાની ધર્મદૃષ્ટિ મહંમદ પેગંબરમાં વિકસી.

પરંતુ ધર્મદૃષ્ટિના વિકાસ અને ઊર્ધ્વીકરણની મુખ્ય કથા તો મારે ભારતીય પરંપરાઓને અવલંબી દર્શાવવાની છે. વેદોનાં ઉષસ્, વરુણ અને ઇન્દ્ર આદિ સૂક્તોમાં કવિઓની સૌંદર્યદૃષ્ટિ, પરાક્રમ પ્રત્યેનો અહોભાવ અને કોઈ દિવ્ય શક્તિ પ્રત્યેની ભક્તિ જેવાં મંગળ તત્ત્વો વાંચીએ છીએ, પણ એ કવિઓની ધર્મદૃષ્ટિ મુખ્યપણે સકામ છે. તેથી જ તેઓ દિવ્ય શક્તિ પાસેથી પોતાની, પોતાના કુટુંબની અને પશુ આદિ પરિવારની આબાદીની માગણી કરે છે અને બહુ બહુ તો લાંબું જીવન પ્રાર્થે છે. સકામતાની આ ભૂમિકા બ્રાહ્મણકાળમાં વિકસે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં ઐહિક ઉપરાંત પારલૌકિક ભોગ સાધવાના નવનવા માર્ગો યોજાય છે.

પરંતુ, આ સકામ ધર્મદૃષ્ટિ સમાજને વ્યાપી રહી હતી તેવામાં જ, એકાએક ધર્મદૃષ્ટિનું વલણ બદલાતું દેખાય છે. કોઈ તપસ્વી યા ઋષિને સૂઝ્યું કે આ બીજા લોકના સુખભોગો વાંછવા અને તે પણ પોતાપૂરતા અને બહુ બહુ તો પરિવાર યા જનપદપૂરતા, તેમ જ બીજા કરતાં વધારે ચડિયાતા, તો આ કાંઈ ધર્મદૃષ્ટિ કહેવાય નહિ. ધર્મદૃષ્ટિમાં કામનાનું તત્ત્વ હોય તો તે એક અધૂરાપણું જ છે. આ વિચારમાંથી નવું પ્રસ્થાન શરૂ થયું અને એનો જાદુ વ્યાપક બન્યો. ઈ. સ. પહેલાંના આઠસો કે હજાર વર્ષ જેટલા જૂના યુગમાં અકામ ધર્મદૃષ્ટિના અનેક અખતરા થતા દેખાય છે. ઉપનિષદો એ જ ધર્મ-દૃષ્ટિનું વિવરણ કરે છે. જૈન, બૌદ્ધ આદિ સંઘોનો તો પાયો જ એ દૃષ્ટિમાં છે. આ અકામ ધર્મદૃષ્ટિ એ અન્તરાત્મદૃષ્ટિ યા ધર્મવિકાસની બીજી ભૂમિકા છે. આમાં મનુષ્ય પ્રથમ પોતાની જાતને શુદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે અને સમગ્ર વિશ્વ સાથે તાદાત્મ્યભાવ કેળવવા મથે છે. આમાં ઐહિક અને પરલૌકિક એવા કોઈ સ્થૂલ ભોગની વાંચ્છાનો આદર છે જ નહિ.

કુટુંબ અને સમાજમાં નિષ્કામતા સાધી ન શકાય, એ વિચાર-માંથી એકાન્તવાસ અને અનગારભાવની વૃત્તિ બળ પકડે છે. અને આવી વૃત્તિ એ જ જાણે નિષ્કામતા હોય યા વાસનાનિવૃત્તિ હોય એવી રીતે એની પ્રતિષ્ઠા જામે છે. કામતૃષ્ણાની નિવૃત્તિ યા શુદ્ધીકરણનું સ્થાન મુખ્યપણે પ્રવૃત્તિત્યાગ જ લે છે; અને જાણે જીવન જીવવું એ એક પાપ કે શાપ હોય તેવી મનોવૃત્તિ સમાજમાં પ્રવેશે છે. આવે વખતે વળી અકામ ધર્મદૃષ્ટિનું સંસ્કરણ થાય છે. ઈશાવાસ્ય ઘોષણા કરે છે કે આખું જગત આપણા જેવા ચૈતન્યથી ભરેલું છે, તેથી જ્યાં જશો ત્યાં બીજા પણ ભોગીઓ તો છે જ. વસ્તુભોગ એ કોઈ મૂળગત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દોષ નથી, એ જીવન માટે અનિવાર્ય છે. એટલું જ કરો કે બીજાની સગવડનો ખ્યાલ રાખી જીવન જીવો અને કોઈના ધન પ્રત્યે ન લોભાઓ. પ્રાપ્ત કર્તવ્ય કર્યે જાઓ અને જિવાય તેટલું જીવવા ઇચ્છો. આમ કરવાથી નથી કોઈ કામતૃષ્ણાનું બંધન નડવાનું કે નથી બીજો કોઈ લેપ લાગવાનો. ખરેખર, ઈશાવાસ્યે નિષ્કામ ધર્મદૃષ્ટિનો અંતિમ અર્થ દર્શાવી મનુષ્યજાતને ધર્મદૃષ્ટિના ઊર્ધ્વીકરણ તરફ પ્રયાણ કરવામાં ભારે મદદ કરી છે. ગીતાના ભવ્ય મહેલનો પાયો ઈશાવાસ્યની જ સૂઝ છે.

મહાવીરે તૃષ્ણાદોષ અને તેમાંથી ઉદ્ભવતા બીજા દોષો નિર્મૂળ કરવાની દૃષ્ટિએ મહતી સાધના કરી. બુદ્ધે પણ પોતાની રીતે એવી જ સાધના કરી. પરંતુ સામાન્ય સમાજે એમાંથી એટલો જ અર્થ ઝીલ્યો કે તૃષ્ણા, હિંસા, ભય આદિ દોષો ટાળવા. લોકોની દોષો ટાળવાની વૃત્તિએ આ ન કરવું, તે ન કરવું, એવા અનેકવિધ નિવર્તક યા નકારાત્મક ધર્મો પોષ્યા, વિકસાવ્યા અને વિધાયક–ભાવાત્મક ધર્મ વિકસાવવાની બાજુ લગભગ આખા દેશમાં ગૌણ બની ગઈ. આવી દશા હતી ત્યારે જ વળી મહાયાનભાવના ઉદયમાં આવી. અશોકના ધર્મશાસનમાં એનું દર્શન થાય છે. પછી તો અનેક ભિક્ષુકો પોતપોતાની રીતે એ ભાવના દ્વારા પ્રવર્તક ધર્મો વિકસાવ્યે જતા હતા. છઠ્ઠા સૈકાના ગુજરાતમાં થયેલ શાન્તિદેવે તો ત્યાં સુધી કહી દીધું કે દુનિયા દુઃખી હોય અને મોક્ષને ઝંખીએ, એવો અરસિક મોક્ષ શા કામનો? મધ્યકાળ અને પછીના ભારતમાં અનેક સંતો, વિચારકો અને ધર્મદૃષ્ટિના શોધકો થતા આવ્યા છે, પણ આપણે આપણા જ જીવનમાં ધર્મદૃષ્ટિનું જે ઊર્ધ્વીકરણ જોયું છે, અને અત્યારે પણ જોઈએ છીએ, તે અત્યાર લગી વિશ્વમાં થયેલ ધર્મદૃષ્ટિના વિકાસનું સર્વોપરિ સોપાન હોય એમ જણાયા વિના રહેતું નથી.

[દઅચિં૦ ભા૦ ૧, પૃ૦ ૭૨-૭૫]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**[૮] બે ધર્મસંસ્થાઓ : ગૃહસ્થાશ્રમકેન્દ્રિત અને સંન્યાસકેન્દ્રિત**

આપણા દેશમાં મુખ્યપણે બે પ્રકારની ધર્મસંસ્થાઓ ચાલી આવે છે, કે જેનાં મૂળ તથાગત બુદ્ધ અને નિર્ગ્રંથનાથ મહાવીરથી પણ જૂનાં છે. આમાંની એકના કેન્દ્રમાં ગૃહસ્થાશ્રમ છે અને બીજીના કેન્દ્રમાં સંન્યાસ કે પરિવ્રજ્યા છે. પહેલી સંસ્થાનું પોષણ અને સંવર્ધન મુખ્યત્વે વૈદિક બ્રાહ્મણો દ્વારા થયું છે, કે જેમનો ધર્મ-વ્યવસાય ગૃહ્ય અને શ્રૌત યજ્ઞયાગાદિ તેમ જ એને અનુકૂળ સંસ્કારોને અનુલક્ષીને ચાલતો રહ્યો છે.

બીજી સંસ્થા શરૂમાં અને મુખ્યત્વે બ્રાહ્મણેતર એટલે કે વૈદિકેતર—ખાસ કરીને કર્મકાંડી બ્રાહ્મણથી જુદા—વર્ગ દ્વારા આવિર્ભાવ પામી છે. આજે તો આપણે ચાર આશ્રમના નામથી એટલા બધા સુપરિચિત છીએ કે દરેક એમ સમજે છે કે ભારતની પ્રજા પહેલાંથી જ ચાર આશ્રમની સંસ્થાની ઉપાસક હતી. પણ ખરી રીતે એવું નથી. ગૃહસ્થાશ્રમકેન્દ્રિત અને સંન્યાસાશ્રમકેન્દ્રિત એવી બન્ને સંસ્થાઓના પરસ્પરના સંઘર્ષ તથા આચાર-વિચારોની આપ-લેમાંથી આ ચાર આશ્રમની સંસ્થાનો વિચાર અને આચાર સ્થિર થયો છે.

જેઓ ગૃહસ્થાશ્રમકેન્દ્રિત સંસ્થાને જીવનનું મુખ્ય અંગ માનતા હતા, તેઓ સંન્યાસનો કેવળ વિરોધ જ નહીં, અનાદર સુધ્ધાં કરતા હતા. બીજી બાજુ સંન્યાસકેન્દ્રિત સંસ્થાના પક્ષપાતી સંન્યાસ ઉપર એટલો બધો ભાર આપતા હતા કે જાણે એ સમાજનું જીવન-સર્વસ્વ જ હોય. બ્રાહ્મણો વેદ અને વેદાશ્રિત કર્મકાંડોને આધારે જીવન વ્યતીત કરતા રહ્યા, જે ગૃહસ્થો દ્વારા ગૃહસ્થાશ્રમમાં જ સંભવિત છે. તેથી તેઓ ગૃહસ્થાશ્રમની પ્રધાનતા, ગુણવત્તા તેમ જ સર્વોપયોગિતા ઉપર ભાર દેતા આવ્યા. જેમને માટે વેદાશ્રિત કર્મ-કાંડોનો જીવનમાર્ગ સીધી રીતે ઉઘાડો ન હતો અને જેઓ વિદ્યારુચિ અને ધર્મરુચિ ધરાવતા હતા, એમણે ધર્મજીવનનાં બીજાં દ્વાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉઘાડયાં, જેમાંથી ક્રમે ક્રમે આરણ્યક ધર્મ, તાપસ ધર્મ કે ટાગોરની ભાષામાં 'તપોવન'ની સંસ્કૃતિનો વિકાસ થયો છે, જે સંત-સંસ્કૃતિનું મૂળ છે. એવા પણ વૈદિક બ્રાહ્મણ થઈ ગયા, કે જે સંત-સંસ્કૃતિના પણ મુખ્ય સ્તંભ મનાય છે. બીજી બાજુ વેદ અને વેદાશ્રિત કર્મ-કાંડોમાં ભાગ લઈ શકવાનો અધિકાર નહીં ધરાવતા અનેક એવા બ્રાહ્મણેતરો પણ થઈ ગયા કે જેમણે ગૃહસ્થાશ્રમકેન્દ્રિત ધર્મસંસ્થાને જ મુખ્ય માની છે. પણ એટલું નિશ્ચિત છે કે છેવટે બન્ને સંસ્થાઓનો સમન્વય ચાર આશ્રમના રૂપમાં જ થયો. આજે કટ્ટર કર્મકાંડી મીમાંસક બ્રાહ્મણ સુધ્ધાં સંન્યાસની અવગણના નથી કરી શકતો. એ જ રીતે સંન્યાસનો ભારે પક્ષપાતી પણ ગૃહસ્થાશ્રમની ઉપયોગિતાનો ઇન્કાર નથી કરી શકતો.

[ દઓચિં૦ ખં૦ ૧, પૃ૦ ૩૮-૩૯ ]

## [ ૯ ] ધર્મ અને બુદ્ધિ

આજ સુધી કોઈ પણ વિચારકે એમ નથી કહ્યું કે ધર્મની ઉત્પત્તિ અને એનો વિકાસ બુદ્ધિ સિવાય બીજા પણ કોઈ તત્ત્વથી થઈ શકે છે. પ્રત્યેક ધર્મ–સંપ્રદાયનો ઇતિહાસ એમ જ કહે છે કે અમુક બુદ્ધિશાળી પુરુષો દ્વારા જ એ ધર્મની ઉત્પત્તિ કે શુદ્ધિ થઈ. ધર્મના ઇતિહાસ અને એના સંચાલકના વ્યાવહારિક જીવનને જોઈને આપણે કેવળ એક જ નિષ્કર્ષ ઉપર પહોંચીએ છીએ કે બુદ્ધિનું તત્ત્વ જ ધર્મનું ઉત્પાદક, એનું સંશોધક, પોષક અને પ્રચારક બન્યું છે અને બની શકે છે.

શું ધર્મ અને બુદ્ધિ વચ્ચે વિરોધ છે? આના જવાબમાં ટૂંકમાં એટલું જ કહી શકાય કે એમની વચ્ચે ન કોઈ વિરોધ છે કે ન હોઈ શકે છે. જો સાચે જ કોઈ ધર્મમાં એમની વચ્ચે વિરોધ માનવામાં આવે તો આપણે એમ જ કહેવું પડે કે એ બુદ્ધિવિરોધી ધર્મ સાથે અમારે કશી લેવાદેવા નથી. આવા ધર્મનો સ્વીકાર કરવાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બદલે એનો સ્વીકાર નહીં કરવામાં જ જીવન સુખી અને વિકસિત થઈ શકે છે.

[ દઔચિં૦ ખં૦ ૧, પૃ૦ ૧૩ ]

## [૧૦] ધર્મ અને વિચાર

ધર્મનો પિતા, એનો મિત્ર અને એની પ્રજા, એ બધું વિચાર જ છે. વિચાર ન હોય તેમાં ધર્મની ઉત્પત્તિ ન જ સંભવે. ધર્મના જીવન અને પ્રસરણ સાથે વિચાર હોય જ છે. જે ધર્મ વિચાર ન પ્રગટાવે અને ન પોષે તે પોતાનો આત્મા જ ગુમાવે છે; તેથી ધર્મ વિષે વિચારણા કે પરીક્ષાની પણ પરીક્ષાઓ ચાલે તો પરિણામે એ લાભકારક જ છે.

[ દઅચિં૦ ભા૦ ૧, પૃ૦ ૪૯ ]

## [૧૧] ધર્મ અને સંસ્કૃતિ વચ્ચે ભેદ

ધર્મનો સાચો અર્થ છે આધ્યાત્મિક ઉત્કર્ષ, કે જેના દ્વારા વ્યક્તિ બહિર્મુખતાનો ત્યાગ કરીને–વાસનાઓના પાશથી મુક્ત બનીને–શુદ્ધ ચિદ્રૂપ કે આત્મસ્વરૂપ તરફ આગળ વધે છે. આનું નામ જ યથાર્થ ધર્મ. જો આવો ધર્મ સાચેસાચ જીવનમાં પ્રગટ થતો હોય તો એનાં બાહ્ય સાધનો પણ—ભલે પછી એ એક યા બીજા રૂપમાં અનેક પ્રકારનાં કેમ ન હોય—ધર્મ જ કહી શકાય. પરંતુ જો વાસનાઓના પાશથી મુક્તિ ન મળે અથવા મુક્તિ માટેનો પ્રયત્ન પણ ન થાય, તો બાહ્ય સાધનો ગમે તેવાં હોય તોપણ એ ધર્મની કોટિમાં કદી ન આવી શકે; બલ્કે એ બધાંય સાધનો અધર્મ જ બની જાય છે. સારાંશ એ કે ધર્મનો મુખ્ય સંબંધ સત્ય, અહિંસા, અપરિગ્રહ જેવા આધ્યાત્મિક સદ્ગુણો સાથે છે. સાચી રીતે તો ધર્મ કોઈ બાહ્ય વસ્તુ નથી, છતાં એ બાહ્ય જીવન અને વ્યવહાર દ્વારા જ વ્યક્ત થાય છે. ધર્મને જો આત્મા કહીએ તો બાહ્ય જીવન અને બધા સામાજિક વ્યવહારોને દેહ કહેવો જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખરી રીતે ધર્મ અને સંસ્કૃતિ વચ્ચે કોઈ અંતર નહીં હોવું જોઈએ. જે વ્યક્તિ કે જે સમાજ સંસ્કૃત ગણાતાં હોય, એ જો ધર્મવિમુખ હોય તો પછી જંગલીપણામાં અને સંસ્કૃતિમાં ફેર શો? આમ ખરી રીતે માનવ-સંસ્કૃતિનો અર્થ ધાર્મિક કે ન્યાય-સંપન્ન જીવન-વ્યવહાર જ થાય છે. પણ સામાન્ય જગતમાં સંસ્કૃતિનો આવો અર્થ કરવામાં નથી આવતો. લોકો સંસ્કૃતિનો અર્થ માનવીએ કરેલી વિવિધ કળાઓ, જુદી જુદી શોધો અને જુદી જુદી વિદ્યાઓ કરે છે. પરંતુ આ કળાઓ, આ શોધો અને આ વિદ્યાઓ હમેશાં માનવસમાજના કલ્યાણની દૃષ્ટિથી કે વૃત્તિથી જ પ્રગટ થાય છે, એવો કોઈ નિયમ નથી. આપણે ઇતિહાસને આધારે એ જાણીએ છીએ કે અનેક કળાઓ, અનેક શોધો અને અનેક વિદ્યાઓની પાછળ હમેશાં લોકકલ્યાણનો કોઈ શુદ્ધ ઉદ્દેશ હોય છે એવું નથી; અને છતાં આ વસ્તુઓ સમાજમાં આવે છે, અને સમાજ પણ એમનું હૃદય-પૂર્વક સ્વાગત કરે છે. આ રીતે આપણે જોઈએ છીએ, અને વ્યવહારમાં પણ અનુભવીએ છીએ, કે જે વસ્તુ માનવીની બુદ્ધિ અને એના એકાગ્ર પ્રયત્ન દ્વારા સર્જાય છે, અને માનવસમાજને જૂની ભૂમિકા ઉપરથી નવી ભૂમિકાએ દોરી જાય છે, એ સંસ્કૃતિની કોટિમાં આવે છે. એની સાથે શુદ્ધ ધર્મનો કોઈ અનિવાર્ય સંબંધ હોય, એવો કોઈ નિયમ નથી. એટલા માટે જ સંસ્કૃત કહેવાતી અને મનાતી જાતિઓ પણ અનેક રીતે ધર્મવિમુખ જોવામાં આવે છે.

[દઔચિં૦ ખં૦ ૧, પૃ૦ ૯]

## [૧૨] ધર્મ અને નીતિ વચ્ચે ફેર

જે બંધન કે જે કર્તવ્ય ભય કે સ્વાર્થમૂલક હોય છે તે નીતિ; અને જે કર્તવ્ય ભય કે સ્વાર્થમૂલક નહિ પણ શુદ્ધ કર્તવ્ય ખાતર જ હોય છે, અને જે કર્તવ્ય માત્ર યોગ્યતા ઉપર જ અવલંબિત હોય છે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી. જો આપણે જરીક ઊંડા ઊતરીને તપાસીશું તો સ્પષ્ટ દેખાશે કે નીતિ એ સમાજના ધારણ અને પોષણ માટે આવશ્યક છતાં પણ તેનાથી સમાજનું સંશોધન થતું નથી. સંશોધન એટલે શુદ્ધિ; અને શુદ્ધિ એટલે જ ખરો વિકાસ, એ સમજ જો વાસ્તવિક હોય તો એમ કહેવું જોઈએ કે એવો વિકાસ ધર્મને જ આભારી છે. જે સમાજમાં ઉપર કહેલ ધર્મ જેટલે અંશે વધારે અનુસરાતો હોય તે સમાજ તેટલે અંશે ચડિયાતો.

[દઅચિં૦ ભા૦ ૧, પૃ૦ ૪૪]

## [૧૩] ધર્મ અને પંથ

પહેલામાં એટલે ધર્મમાં અંતર્દર્શન હોય છે, એટલે તે આત્માની અંદરથી ઊગે છે અને તેમાં જ ડોકિયું કરાવે છે કે તે તરફ જ માણસને વાળે છે, જ્યારે બીજામાં એટલે પંથમાં બહિર્દર્શન હોય છે, એટલે તે બહારના વાતાવરણમાંથી જ અને દેખાદેખીમાંથી જ આવેલ હોય છે, તેથી બહાર જ નજર કરાવે છે અને માણસને બહારની બાજુ જોવામાં જ રોકી રાખે છે.

ધર્મ એ ગુણજીવી અને ગુણાવલંબી હોવાથી તે આત્માના ગુણો ઉપર જ રહેલો હોય છે, જ્યારે પંથ એ રૂપજીવી અને રૂપાવલંબી હોવાથી તેનો બધો આધાર બહારના રૂપરંગ અને ડાકડમાળ ઉપર હોય છે.

પહેલામાં એકતા અને અભેદના ભાવો ઊઠે છે અને સમાનતાની ઊર્મિઓ ઊછળે છે, જ્યારે બીજામાં ભેદ અને વિષમતાની તરાડો પડતી અને વધતી જાય છે. એટલે પહેલામાં માણસ બીજા સાથેનો પોતાનો ભેદ ભૂલી અભેદ તરફ જ ઝૂકે છે, અને બીજાના દુઃખમાં પોતાનું સુખ વીસરી જાય છે. ધર્મમાં બ્રહ્મ એટલે સાચા જીવનની ઝાંખી થવાથી તેની વ્યાપકતા સામે માણસને પોતાની જાત અલ્પ જેવી જ ભાસે છે, જ્યારે પંથમાં એથી ઊલટું છે. એમાં ગુણ કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈભવ ન પણ હોય છતાં માણુસ પોતાને બીજાથી મોટો માને છે અને તેમ મનાવવા યત્ન કરે છે. એમાં નમ્રતા હોય તો તે બનાવટી હોય છે અને તેથી તે માણુસને મોટાઈનો જ ખ્યાલ પૂરો પાડે છે. એની નમ્રતા એ મોટાઈને માટે જ હોય છે. સાચા જીવનની ઝાંખી ન હોવાથી અને ગુણોની અનન્તતાનું તેમ જ પોતાની પામરતાનું ભાન ન હોવાથી પંથમાં પડેલો માણુસ પોતામાં લઘુતા અનુભવી શકતો જ નથી, માત્ર તે લઘુતા દર્શાવ્યા કરે છે.

ધર્મમાં દૃષ્ટિ સત્યની હોવાથી તેમાં બધી બાજુ જોવા-જાણુવાની ધીરજ અને બધી જ બાજુઓને સહી લેવાની ઉદારતા હોય છે. પંથમાં એમ નથી હોતું. તેમાં દૃષ્ટિ સત્યાભાસની હોવાથી તે એક જ—અને તે પણ પોતાની—બાજુને સર્વ સત્ય માની બીજી બાજુ જોવા-જાણુવા તરફ વલણુ જ નથી આપતી, અને વિરોધી બાજુઓને સહી લેવાની કે સમજી લેવાની ઉદારતા પણ નથી અર્પતી.

ધર્મમાં પોતાનું દોષદર્શન અને બીજાઓના ગુણુનું દર્શન મુખ્ય હોય છે, જ્યારે પંથમાં તેથી ઊલટું છે. પંથવાળો માણુસ બીજાના ગુણો કરતાં દોષો જ ખાસ જોયા તેમ જ ગાયા કરે છે, અને પોતાના દોષો કરતાં ગુણો જ વધારે જોયા તેમ જ ગાયા કરે છે, અથવા તો એની નજરે પોતાના દોષો ચડતા જ નથી.

ધર્મગામી કે ધર્મનિષ્ઠ માણુસ પ્રભુને પોતાની અંદર જ અને પોતાની આસપાસ જ જુએ છે. તેથી તેને ભૂલ અને પાપ કરતાં 'પ્રભુ જોઈ જશે' એવો ભય લાગે છે, તેની શરમ આવે છે, જ્યારે પંથગામી માણુસને પ્રભુ વૈકુંઠમાં કે મુક્તિસ્થાનમાં હોવાની શ્રદ્ધા હોય છે, એટલે તે ભૂલ કરતાં પ્રભુથી પોતાને વેગળો માની, જાણે કોઈ જાણુતું જ ન હોય તેમ, નથી કોઈથી ભય ખાતો કે નથી શરમાતો. એને ભૂલનું દુઃખ સાલતું જ નથી અને સાલે તોયે ફરી ભૂલ ન કરવાને માટે નહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મમાં ચારિત્ર ઉપર જ પસંદગીનું ધોરણ હોવાથી તેમાં જાતિ, લિંગ, ઉમર, ભેખ, ચિહ્નો, ભાષા અને બીજી તેવી બહારની વસ્તુઓને સ્થાન જ નથી, જ્યારે પંથમાં એ જ બાહ્ય વસ્તુઓને સ્થાન હોય છે. અને એની મુખ્યતામાં ચારિત્ર દબાઈ જાય છે. ઘણીવાર તો લોકોમાં જેની પ્રતિષ્ઠા ન હોય એવી જાતિ, એવું લિંગ, એવી ઉમર કે એવા વેશ કે ચિહ્નવાળામાં જો ખાસું ચારિત્ર હોય તોપણ પંથમાં પડેલ માણસ તેને લક્ષમાં લેતો જ નથી અને ઘણીવાર તો તેવાને તરછોડી પણ કાઢે છે.

ધર્મમાં વિશ્વ એ એક જ ચોકો છે. તેમાં બીજા કોઈ નાના ચોકા ન હોવાથી આભડછેટ જેવી વસ્તુ જ નથી હોતી અને હોય છે તો એટલું જ કે તેમાં પોતાનું પાપ જ માત્ર આભડછેટ લાગે છે, જ્યારે પંથમાં ચોકાવૃત્તિ એવી હોય છે કે જ્યાં દેખો ત્યાં આભડછેટની ગંધ આવે છે અને તેમ છતાં ચોકાવૃત્તિનું નાક પોતાના પાપની દુર્ગંધ સૂંઘી શકતું જ નથી! તેને પોતે માનેલું એ જ સુવાસવાળું અને પોતે ચાલતો હોય તે જ રસ્તો શ્રેષ્ઠ લાગે છે, અને તેથી તે બીજે બધે બદબો અને બીજામાં પોતાના પંથ કરતાં ઊતરતાપણું અનુભવે છે.

ટૂંકમાં કહીએ તો, ધર્મ માણસને રાતદિવસ પોષાતા ભેદસંસ્કારોમાંથી અભેદ તરફ ધકેલે છે અને પંથ એ પોષાતા ભેદમાં વધારે અને વધારે ઉમેરો કરે છે, અને ક્યારેક દૈવયોગે અભેદની તક કોઈ આણે તો તેમાં તેને સંતાપ થાય છે. ધર્મમાં દુન્યવી નાનીમોટી તકરારો (જર, જોરુ, જમીનના અને નાનમ-મોટપના ઝઘડાઓ) પણ શમી જાય છે, જ્યારે પંથમાં ધર્મને નામે જ અને ધર્મની ભાવના ઉપર જ તકરારો ઊગી નીકળે છે. એમાં ઝઘડા વિના ધર્મની રક્ષા જ નથી દેખાતી.

પંથો હતા, છે અને રહેશે, પણ તેમાં સુધારવા જેવું કે કરવા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેવું હોય તો તે એટલું જ છે કે તેમાંથી વિખૂટો પડેલો ધર્મનો આત્મા તેમાં ફરી આપણે પૂરવો. એટલે આપણે કોઈ પણ પંથના હોઈએ છતાં તેમાં ધર્મનાં તત્ત્વો સાચવીને જ તે પંથને અનુસરીએ. અહિંસાને માટે હિંસા ન કરીએ અને સત્યને માટે અસત્ય ન બોલીએ. પંથમાં ધર્મનો પ્રાણ ફૂંકવાની ખાસ શરત એ છે કે દૃષ્ટિ સત્યાગ્રહી હોય. સત્યાગ્રહી હોવાનાં લક્ષણો ટૂંકમાં આ પ્રમાણે છે:—

(૧) પોતે જે માનતા અને કરતા હોઈએ તેની પૂરેપૂરી સમજ હોવી જોઈએ અને પોતાની સમજ ઉપર એટલો બધો વિશ્વાસ હોવો જોઈએ કે બીજાને સચોટતાથી સમજાવી શકાય.

(૨) પોતાની માન્યતાની યથાર્થ સમજ અને યથાર્થ વિશ્વાસની કસોટી એ છે કે બીજાને તે સમજાવતાં જરા પણ આવેશ કે ગુસ્સો ન આવે અને એ સમજાવતી વખતે પણ એની ખૂબીઓની સાથે જ જો કાંઈ ખામીઓ દેખાય તો તેની પણ વગર સંકોચે કબૂલાત કરતા જવું.

(૩) જેમ પોતાની દૃષ્ટિ સમજાવવાની ધીરજ તેમ બીજાની દૃષ્ટિ સમજવાની પણ તેટલી જ ઉદારતા અને તત્પરતા હોવી જોઈએ. બન્ને અથવા જેટલી બાજુઓ જાણી શકાય તે બધી બાજુઓની સરખામણી અને બળાબળ તપાસવાની વૃત્તિ પણ હોવી જોઈએ. એટલું જ નહિ, પણ પોતાની બાજુ નબળી કે ભૂલભરેલી ભાસતાં તેનો ત્યાગ તેના પ્રથમના સ્વીકાર કરતાં વધારે સુખદ મનાવો જોઈએ.

(૪) કોઈ પણ આખું સત્ય દેશ, કાળ કે સંસ્કારથી પરિમિત નથી હોતું, માટે બધી બાજુઓ જોવાની અને દરેક બાજુમાં જો ખંડ સત્ય દેખાય તો તે બધાનો સમન્વય કરવાની વૃત્તિ હોવી જોઈએ.

[દઅચિં૦ ભા૦ ૧, પૃ૦ ૩૬-૩૯]

## [૧૪] દર્શન અને સંપ્રદાય

એ વિચાર કરવો ઉચિત લેખાશે કે 'દર્શન'નો અર્થ શું કરવામાં આવે છે, અને ખરી રીતે એનો અર્થ શું હોઈ શકે? એ જ રીતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એ વાતની વિચારણા કરવી પણ યોગ્ય લેખાશે કે સંપ્રદાય શું વસ્તુ છે, અને એની સાથે દર્શનનો કેવો સંબંધ રહ્યો છે; તેમ જ એ સાંપ્રદાયિક સંબંધના પરિણામે દર્શનમાં કયા ગુણ-દોષ આવી ગયા, વગેરે.

સામાન્ય રીતે બધાય એમ જ સમજતા અને માનતા આવ્યા છે કે દર્શનનો અર્થ છે તત્ત્વનો સાક્ષાત્કાર. બધાય દાર્શનિકો પોતપોતાના સાંપ્રદાયિક દર્શનને સાક્ષાત્કાર રૂપ જ માનતા આવ્યા છે. અહીં સવાલ એ થાય છે કે સાક્ષાત્કાર એટલે શું? આનો જવાબ એક જ હોઈ શકે કે સાક્ષાત્કાર એનું નામ છે કે જેમાં ભ્રમ કે સંદેહને સ્થાન ન હોય, અને જે તત્ત્વનો સાક્ષાત્કાર થયો હોય એમાં પછી મતભેદ કે વિરોધ ન હોય. જો દર્શનની આવી સાક્ષાત્કારાત્મક વ્યાખ્યા સૌને માન્ય હોય તો, બીજો સવાલ એ થાય છે કે અનેક સંપ્રદાયાશ્રિત જુદાં જુદાં દર્શનોમાં એક જ તત્ત્વની બાબતમાં આટલા ભિન્ન ભિન્ન મતભેદ કેવા? અને એમાં જેનું સમાધાન થઈ ન શકે એવો પરસ્પર વિરોધ કેવો? આ શંકાનું સમાધાન કરવાનો આપણી પાસે એક જ રસ્તો છે કે આપણે 'દર્શન' શબ્દનો કંઈક જુદો અર્થ સમજીએ. એનો જે સાક્ષાત્કારરૂપ અર્થ કરવામાં આવે છે, અને જે લાંબા સમયથી શાસ્ત્રોમાં પણ લખેલો મળે છે, એ અર્થ જો યથાર્થ છે તો, મારા અભિપ્રાય પ્રમાણે, એ બધાંય દર્શનોને નિર્વિવાદ અને અસંદિગ્ધરૂપે માન્ય એવા નીચેના આધ્યાત્મિક પ્રમેયોમાં જ ઘટી શકે છે:—

(૧) પુનર્જન્મ; (૨) એનું કારણ; (૩) પુનર્જન્મને ગ્રહણ કરનાર કોઈક તત્ત્વ; (૪) સાધનવિશેષ દ્વારા પુનર્જન્મનાં કારણોનો નાશ.

આ પ્રમેયોને સાક્ષાત્કારના વિષયો માનવામાં આવે છે. કોઈ તપસ્વી દ્રષ્ટા કે દ્રષ્ટાઓને ક્યારેક ને ક્યારેક આ તત્ત્વોનો સાક્ષાત્કાર થયો હશે, એમ કહી શકાય; કેમ કે અત્યાર સુધી કોઈ પણ આધ્યાત્મિક દર્શનમાં આ અને એના જેવાં તત્ત્વો સંબંધમાં ન તો મતભેદ પ્રગટ થયો છે, અને ન એમાં કોઈએ વિરોધ દર્શાવ્યો છે. પણ ઉપર સૂચવેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મૂળ આધ્યાત્મિક પ્રમેયોના વિશેષ-વિશેષ સ્વરૂપની બાબતમાં તેમ જ એની વિગતવાર વિચારણામાં બધાંય મુખ્ય મુખ્ય દર્શનો વચ્ચે, અને ક્યારેક ક્યારેક તો એક જ દર્શનની અનેક શાખાઓ વચ્ચે, એટલો બધો મતભેદ અને વિરોધ શાસ્ત્રોમાં જોવામાં આવે છે કે, એને જોઈને તટસ્થ સમાલોચક એમ ક્યારેય ન માની શકે કે કોઈ એક કે બધા સંપ્રદાયોનાં વિગતવાર મંતવ્યો સાક્ષાત્કારનો વિષય બન્યાં હોય. જો આ મંતવ્યોનો સાક્ષાત્કાર થયો હોય તો એ કયા સંપ્રદાયનાં ? કોઈ એક સંપ્રદાયના પ્રવર્તકને વિગતોની બાબતમાં સાક્ષાત્કાર કરનાર–દ્રષ્ટા સાબિત કરવાનું કામ બહુ મુશ્કેલ છે. તેથી, બહુ બહુ તો, ઉપર જણાવેલ મૂળ પ્રમેયોના સંબંધમાં 'દર્શન'નો અર્થ 'સાક્ષાત્કાર' માની લીધા પછી એ પ્રમેયોની વિગતોની બાબતમાં 'દર્શન'નો અર્થ કંઈક જુદો જ કરવો પડશે.

વિચાર કરતાં લાગે છે કે 'દર્શન'નો બીજો અર્થ 'સબળ પ્રતીતિ' એવો કરવો જ બરાબર છે. શબ્દોના અર્થોના જુદા જુદા સ્તરો હોય છે. 'દર્શન'ના અર્થનો આ બીજો સ્તર છે. આપણે વાચક ઉમાસ્વાતિના 'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्' એ સૂત્રમાં તથા એની વ્યાખ્યાઓમાં આ બીજો સ્તર સ્પષ્ટ રૂપે જોઈએ છીએ. વાચકજીએ સ્પષ્ટ રૂપે કહ્યું છે કે 'પ્રમેયોની શ્રદ્ધા એનું નામ જ દર્શન' છે. અહીં એ વાત ક્યારેય ભૂલવી ન જોઈએ કે શ્રદ્ધાનો અર્થ છે સબળ પ્રતીતિ કે વિશ્વાસ, નહીં કે સાક્ષાત્કાર. શ્રદ્ધા કે વિશ્વાસ, એ સંપ્રદાયમાં સાક્ષાત્કારને જીવંત રાખવાની એક ભૂમિકાવિશેષ છે, જેને મેં 'દર્શન'-નો બીજો સ્તર કહેલ છે.

આમ તો દરેક દેશના ચિંતકોમાં સંપ્રદાય જોવામાં આવે છે. યુરોપના તત્ત્વચિંતનની જન્મભૂમિ ગ્રીસના ચિંતકોમાં પણ પરસ્પર વિરોધી અનેક સંપ્રદાયો હતા; પણ ભારતીય તત્ત્વચિંતકોના સંપ્રદાયની કથા કંઈક જુદી જ છે. આ દેશના સંપ્રદાયો મૂળમાં ધર્મપ્રાણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને ધર્મજીવી છે. બધાય સંપ્રદાયોએ તત્ત્વચિંતનને આશ્રય આપ્યો છે, એટલું જ નહીં એના વિકાસ અને વિસ્તારને માટે પણ ઘણું કર્યું છે. એક રીતે, એ જુદા જુદા સંપ્રદાયોના પ્રયત્નોને લીધે જ ભારતીય તત્ત્વચિંતનનો બૌદ્ધિક પ્રદેશ ચમત્કારપૂર્ણ બની શક્યો છે. પણ આપણે અહીં જે વિચારવાનું છે તે તો એ છે કે દરેક સંપ્રદાય પોતાનાં જે મંતવ્યો પર સબળ વિશ્વાસ રાખે છે, અને જે મંતવ્યોને બીજો વિરોધી સંપ્રદાય કોઈ રીતે માનવા તૈયાર નથી, એ મંતવ્યો સાંપ્રદાયિક વિશ્વાસ કે સાંપ્રદાયિક ભાવનાના જ વિષયો લેખી શકાય, સાક્ષાત્કારના નહીં. આ રીતે સાક્ષાત્કારનો સામાન્ય ઝરો સંપ્રદાયોની ભૂમિ ઉપર, વિગતોના વિશેષ પ્રવાહોમાં વિભાજિત થતાંની સાથે જ, વિશ્વાસ અને પ્રતીતિનું રૂપ ધારણ કરવા લાગે છે.

જ્યારે સાક્ષાત્કાર વિશ્વાસનું રૂપ ધારણ કરે છે ત્યારે એ વિશ્વાસને સ્થિર રાખવા માટે તેમ જ એનું સમર્થન કરવા માટે બધાય સંપ્રદાયોને કલ્પનાઓ, દલીલો અને તર્કોનો આધાર લેવો પડે છે. બધાય સાંપ્રદાયિક તત્ત્વચિંતકો પોતપોતાના વિશ્વાસની પુષ્ટિને માટે કલ્પનાઓનો પૂરેપૂરો આધાર લેતાં રહેવા છતાં એમ માનતા રહ્યા કે અમે અને અમારો સંપ્રદાય જે કાંઈ માનીએ છીએ એ બધું કલ્પના નહીં પણ સાક્ષાત્કાર છે. આ રીતે 'દર્શન'ના અર્થમાં કલ્પનાઓનો તેમ જ સત્ય-અસત્ય કે અર્ધસત્ય તર્કોનો પણ સમાવેશ થઈ ગયો. એક તરફ જ્યાં સંપ્રદાયે મૂળ દર્શન એટલે કે સાક્ષાત્કારની રક્ષા કરી અને એની સ્પષ્ટતા કરવા સારુ અનેક જાતનાં ચિંતન ચાલુ રાખ્યાં તેમ જ એને વ્યક્ત કરવાની અનેક મનોરમ કલ્પનાઓ કરી, ત્યાં બીજી તરફ સંપ્રદાયની વાડને આધારે વધવાવાળી અને ફળવા-ફૂલવાવાળી તત્ત્વચિંતનની વેલ એટલી તો પરાશ્રિત થઈ ગઈ કે એને સંપ્રદાય સિવાય બીજો આધાર જ ન રહ્યો. પરિણામે, પર્દાનશીન પદ્મિનીઓની જેમ, તત્ત્વચિંતનની વેલ પણ કોમળ અને સંકુચિત દૃષ્ટિવાળી બની ગઈ.

[દઔચિં૦ ખં૦૧, પૃ૦ ૬૭-૬૯]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૧૫] સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ

દૃષ્ટિ એટલે દર્શન. દર્શનનો સામાન્ય અર્થ 'દેખવું' એવો છે. આંખથી જે જે બોધ થાય તેને 'દેખવું' કે 'દર્શન' એમ કહેવાય છે. પરંતુ આ સ્થળે દૃષ્ટિ કે દર્શનનો અર્થ 'નેત્રજન્ય બોધ' એટલો જ માત્ર નથી; અહીં તેનો અર્થ ઘણો વિશાળ છે. કોઈ પણ ઇન્દ્રિયથી થતું જ્ઞાન, એ બધું અહીં દૃષ્ટિ કે દર્શનરૂપે અભિપ્રેત છે, એટલું જ નહિ, પણ મનની મદદ વિના જો આત્માને જ્ઞાન શક્ય હોય તો તેવું જ્ઞાન પણ અહીં દૃષ્ટિ કે દર્શનરૂપે અભિપ્રેત છે. સારાંશ એ છે સમ્યગ્દૃષ્ટિ એટલે કોઈ પણ જાતનો સમ્યગ્ બોધ અને મિથ્યા દૃષ્ટિ એટલે દરેક જાતનો મિથ્યા બોધ.

દેહ ધારણ કરવો, શ્વાસોચ્છ્વાસ લેવો, જ્ઞાનેન્દ્રિયોથી જાણવું, કર્મેન્દ્રિયોથી કામ કરવું, એટલું જ માત્ર જીવન નથી, પણ મનની અને ચેતનની જુદી જુદી ભૂમિકાઓમાં જે સૂક્ષ્મ અને સૂક્ષ્મતર અનેક પ્રકારનાં સંવેદનો અનુભવવાં તે પણ જીવન છે. આવા વ્યાપક જીવનનાં પાસાં પણ અનેક છે. એ બધાં પાસાંને દોરવણી આપનાર અને જીવનને ચલાવનાર 'દૃષ્ટિ' છે. જો દૃષ્ટિ સાચી તો તેનાથી દોરવાતું જીવન ખોડ વિનાનું; અને જો દષ્ટિ ખોટી કે ભૂલભરેલી, તો તેનાથી દોરવાતું જીવન ખોડખાંપણવાળું જ હોવાનું. તેથી એ વિચારવું પ્રાપ્ત થાય છે કે સાચી દષ્ટિ એટલે શું અને ખોટી દષ્ટિ એટલે શું ?

કેટલાક શબ્દો ઇન્દ્રિયગમ્ય વસ્તુને લાગુ પડે છે, તો કેટલાક મનોગમ્ય વસ્તુને જ લાગુ પડે છે. જ્યાં શબ્દનો અર્થ ઇન્દ્રિયગમ્ય હોય ત્યાં તેના અર્થની પકડમાં સુધારોવધારો કરવાનું કામ સહેલું છે, પણ જ્યાં શબ્દનો અર્થ અતીન્દ્રિય કે મનોગમ્ય માત્ર હોય ત્યાં અર્થના સુધારાવધારાનું કામ કરવું બહુ અઘરું છે. સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ એ શબ્દો ચકલા અને ઘોડા આદિ શબ્દોની પેઠે ઇન્દ્રિય-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગમ્ય વસ્તુને લાગુ નથી પડતા, પણ મનોગમ્ય કે અતીન્દ્રિય ભાવોને સ્પર્શ કરે છે. એટલે તે શબ્દોના ખરા અર્થ તરફ જવાનું કે વારસાથી પ્રથમ ધારેલ અર્થમાં સુધારો, ફેરફાર કે વૃદ્ધિ કરવાનું કામ બહુ જ અઘરું હોઈ વિવેક અને પ્રયત્નસાધ્ય છે.

જીવનમાત્રમાં ચેતનતત્ત્વના અસ્તિત્વમાં શ્રદ્ધા ધરાવવી તેમ જ એવી શ્રદ્ધાને પરિણામે ચેતન ઉપરનાં અજ્ઞાન તેમ જ રાગ-દ્વેષાદિ આવરણોને ચારિત્રના સમ્યક્ પુરુષાર્થથી ભેદવાની શક્યતાના ચારિત્ર-લક્ષી તત્ત્વમાં શ્રદ્ધા ધરાવવી તે સમ્યગ્દૃષ્ટિ અગર આસ્તિકતા. આથી ઊલટું એટલે કે ચેતનતત્ત્વમાં કે ચારિત્ર્યલક્ષી તત્ત્વમાં શ્રદ્ધા ન રાખવી તે મિથ્યાદિષ્ટ અગર નાસ્તિકતા. સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદૃષ્ટિનો અનુક્રમે તત્ત્વવિષયક શ્રદ્ધા કે અશ્રદ્ધા એવો જ અર્થ વિકાસક્રમમાં ફલિત થાય છે. વાચક ઉમાસ્વાતિ નામના જૈન આચાર્યે સમ્યગ્દૃષ્ટિનો અર્થ બતાવતાં કહ્યું છે કે આધ્યાત્મિક અને ચારિત્રલક્ષી તત્ત્વોમાં શ્રદ્ધા સેવવી તે જ સમ્યગ્દર્શન. આપણે જોઈએ છીએ કે આ વ્યાખ્યામાં કોઈ એક ફિરકાની બાહ્ય આચારવિચારની પ્રણાલીઓનો સ્પર્શ જ નથી; માત્ર તત્ત્વના વાસ્તવિક સ્વરૂપમાં શ્રદ્ધા ધરાવવાનો જ સ્પર્શ છે.

તત્ત્વશ્રદ્ધા એ સમ્યગ્દૃષ્ટિ હોય તોપણ તે અર્થ છેવટનો નથી. છેવટનો અર્થ તો તત્ત્વસાક્ષાત્કાર છે. તત્ત્વશ્રદ્ધા એ તત્ત્વસાક્ષાત્કારનું એક સોપાન માત્ર છે. જ્યારે એ સોપાન દૃઢ હોય ત્યારે જ યથોચિત પુરુષાર્થથી તત્ત્વનો સાક્ષાત્કાર થાય છે; એટલે કે સાધક જીવનમાત્રમાં ચેતન તત્ત્વને સમાન ભાવે અનુભવે છે અને ચારિત્ર્યલક્ષી તત્ત્વો માત્ર શ્રદ્ધાનો વિષય ન રહેતાં જીવનમાં વણાઈ જાય છે, એકરસ થઈ જાય છે. આનું જ નામ તત્ત્વસાક્ષાત્કાર અને એ જ સમ્યગ્દૃષ્ટિ શબ્દનો અંતિમ તેમ જ એકમાત્ર અર્થ.

[દઅચિં૦ ભા૦ ૧, પૃ૦ ૯૮-૧૦૧]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org